R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 58 Issue No. 6
SEPTEMBER - 2014

## કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

**Super Speciality Centre** ના

નામકરણ માટે

કમળાબેન શાંતીલાલ પરીખ (કુવાવાળા) ના

પરિવાર તરફથી

રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) નું

માતબર દાન વચન મળેલ છે.

સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે

લિ. માનદ્ મંત્રીશ્રીઓ

શ્રી રાજેન્દ્ર દેસાઈ

શ્રી નિતીન પરીખ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘના
## ''પ્રીયેજેને હૉલ'' માટેની એક અગત્યની જાહેરાત

# ATLAS
## INFRATECH PVT. LTD.
An ISO 9001 : 2008 CERTIFIED COMPANY

Respected Sir,

With Reference to your letter dated 23rd August 2014 regarding the status of the redevelopment of the above mention project 'Atlas Royal', The Project had been delayed due to the Supreme Court Order dated 17th Dec 2013 regarding compulsory 6 meter to be left open to sky within plot area.

We were in process of receving I.O.D. (Intimation of Disapproval) from M.C.G.M. but within that period Supreme Court order came for compulsory 6 meter to be left within the plot area for that reason Our and Many more Projects of Town and suburbs were affected due to this unfortunate order passed by Supreme Court and Due to constrained in planning after leaving 6 meters open space within the plot area we have been told to Amend the plan again.

As we had already obtained the various N.O.C. from the various dept which is required to obtain I.O.D.

1) **MHADA N.O.C.**
2) **CFO N.O.C.**
3) **Traffic Dept N.O.C. for Parking**
4) **Tree N.O.C.**
5) **B.E.S.T Planning Dept N.O.C.**
6) **Survey Remarks & Demarcation done by M.C.G.M.**
7) **Scrutiny done by S.E., A.E.& E.E. in Building Proposal Dept of M.C.G.M.**
8) **Draft Report for Approval to M.C. of Proposed New Building Plan report was prepared by S.E. in Building Proposal Dept of M.C.G.M.**

If any of your representatives want to see the documents of the project which has been proceed till now are free to access the documents at my office.

As we are also in Advance stage of acquiring two plots Adjacent to our plots which you will get news very soon and we are ready with the amended plan for the Above mention Project 'Atlas Lifestyle' and it will be clear soon, we are extremely sorry for the delay in the project due to unfortunate order passed by Supreme Court, and we assure you of starting the project very soon.

**Thanking You,**

**Your faithfully,**

**For Atlas Infratech Pvt. Ltd.**

**Director**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૬ | ૨૧-૦૯-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# ચાલો... કેસરિયા મેળામાં

## - એક પરિકલ્પના

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**ચકરડી - ભમરડી રમવા,**
**રાસ-ગરબા માણવા ને ઝૂમવા,**
**લોહીનું ઊંચું - નીચું દબાણ,**
**ગોળ ગોળ ડોળાના નંબર મપાવવા,**
**આપણા ગૃહ ઉદ્યોગ અને કળા કારીગરીને**
**ઉજાગર કરવા અને નવી દિશા આપવા,**
**નવા સંબંધો જોડવા, ગમતીલા કાર્યો કરવા અને**
**વિધ વિધ સંસ્થાઓમાં જોડાવા,**
**ગુજરાતમાં નવું સરનામું બનાવવા અને ઘણું બધું.**

તહેવાર એ જીવનનો આનંદ છે. સર્વ પ્રકારના દુ:ખ, દર્દ, પીડાને ભૂલાવી દઈ જીવનને નવી રાહ ચીંધવાનો અવસર આ તહેવારો આપણને આપે છે. સ્વજનોને, પોતીકાને મળવાનો આનંદ અનેરો હોય છે.

ખૂબ સુખોથી, હૃદયપૂર્વક આપણો બાલાસિનોરવાસીઓ એકબીજાને મળીએ છીએ, અંતરના શુભાશિષ પાઠવીએ છીએ, દિવાળી નિમિત્તે થતા રસોત્સવમાં. દિવાળી-સાલમુબારક-રંગભગન વર્ષો સુધી આ ત્રણે એકમેકના પર્યાય બની ગયા હતા. રંગભગનના ભવ્ય ઐતિહાસિક રંગમંચ પર સંગીત કલા અને નૃત્યનો ત્રિવેણી સંગમ અનહદ રોમાંચક બની જતો હતો. સમયનું ચક્ર ફરતું ગયું. અંતે એક દિવસ રંગભવનના દ્વાર બંધ થઈ ગયા. દિલમાં એક અજંપો વર્તાય છે. ખાલીપો મહેસૂસ થાય છે. સોનેરી યાદોના ફક્ત સપના રહી ગયા નો અહેસાસ થાય છે.

ફરી પાછા બધાજ સાથે મળાય તો ? કોઈ ટિકિટ,

સીટ નંબરના બંધનો ન હોય તો ? ક્યાંય તમે કે અમે જઈએની ચર્ચાઓ ન હોય તો ? તો સોનામાં સુગંધ ભળે, સૌના દિલમાં નવો ઉત્સાહ, નવો રોમાંચ વ્યાપી જાય તો ચાલોને દિલની વાત કહેવા, હૈયામાં સંબંધોનાં પરિઘ મોટાકરવા, શુભેચ્છા આપવા અને લેવા, બાળકો અને યુવાનોને નવાજ પરિપ્રેક્ષ્યમાં સામેલ કરી બાલાસિનોરના હોવાનું ગર્વપણું અનુભવવા. બધા એક સાથે જ રંગત કરવા જઈએ, ચાલો... કેસરિયા મેળામાં.

**ઉદ્દેશ :** કેસરિયો મેળો એટલે એક અનોખું આયોજન. જેમ દિવાળીમાં રસોત્સવ થાય તેમ ગુડી પડવો, ચૈત્રી નવરાત્રી, રામ નવમી, અખાત્રીજ, એકાદશી, પૂનમ જેવા સપરમા દિવસે કેસરિયા મેળાનું આયોજન થાય. આ મેળો ફક્ત આપણા બાલાસિનોર વાસીઓ માટે જ થાય. આનો 'ઉદ્દેશ' એ હોય કે આખી નાતના લોકો એક જ સ્થળે ભેગા થાય, શુભેચ્છા પ્રાપ્ત કરે, અનેક નવા વિચારો પ્રગટ થાય, નવી પ્રવૃતિઓ થાય, સૌ આનંદ, મંગળ કરે. કેસરિયા મેળામાં સહકુટુંબ સામેલ થવાનો અવસર પ્રાપ્ત થાય.

**કેસરિયા મેળાના આયોજનની પરિકલ્પના:**

**(૧)** કેસરિયા મેળાના આયોજનમાં બાલાસિનોરની સર્વ સંસ્થાઓ, મહિલા મંડળ, અમૃત વાડીનું સત્સંગ મંડળ, મેરેજ બ્યુરોની કમિટિ, બધીજ ક્રિકેટ ટીમના સર્વ કર્તાહર્તા તથા ક્રિકેટરો એકરસ થઈ જાય. સમાજના સર્વ પ્રકારના હિત, કલ્યાણ, ફાયદાઓની શૃંખલા રખાય. નક્કી થયેલ બાબતો મુજબ મેળાનું સ્વરૂપ નાનું, મધ્યમ અથવા મોટું હોઈ શકે.

**(૨)** કેસરિયા મેળાનું આયોજન ઓછામાં ઓછું બે દિવસ માટેનું કરી શકાય. મોકાનું કોઈ ખુલ્લુ મેદાન ભાડાપેટે લેવાય. મનોરંજન તથા લોકકલ્યાણના અનેક કાર્યક્રમોની ગોઠવણી બે દિવસ દરમ્યાન નક્કી કરેલા સમય મુજબ થાય. બધીજ બાબતોના અલગ સ્વતંત્ર વિભાગ હોય, દરેકની સ્વતંત્ર કમિટિ હોય.

**(૩)** આયોજન માટે ફંડ, સ્પોન્સરશિપ, એડવરટાઈઝ પ્રાપ્ત કરવામાં આવે. નાના, મોટા, તોતિંગ બેનરોની પ્રાપ્તી દ્વારા આયોજનને વેગ મળે.

**(૪)** બહારનું ફંડ એકત્રિત કરવા નામચીન પાંચ-પચ્ચીસ કંપનીઓને ભાડેથી સ્ટોલ આપવા જાહેરાત લેવી. અહીંના સ્ટોલ પર વેચાતી વસ્તુઓ પર ડીસ્કાઉન્ટ મળે, લાભદાયી સ્કીમ હોય વગેરેનું ધ્યાન રખાય. જગ્યા નક્કી થયા પછી, પરિવહન, સિક્યોરીટી, તેના માટે સ્પોન્સરશિપ, પ્રાથમિક સારવાર કેન્દ્ર, ડૉક્ટર્સ-નર્સની ટીમ વગેરે નક્કી શકાય.

**(૫)** મેળાના નોતરા બધાને આપવા. મુંબઈ, બાલાસિનોર, દાહોદ, જાલોદ, ગોધરા, ડાકોર, કલકત્તા, સિકંદરાબાદ, મદ્રાસ, પૂના, ગોવા, દિલ્હી જ્યાં બાલાસિનોરવાળા રહેતા હોય તે સૌને આમંત્રણ પાઠવવા. જ્યોતિપુંજ અને વેબસાઈટ ઉપર જાહેર આમંત્રણ મૂકવા. જેથી ફોરેન થી આવેલા લોકો પણ સામેલ થઈ શકે. મેળો ફક્ત બાલાસિનોરવાળા માટેનો હોવાને લીધે ટિકિટ, એન્ટ્રી માટે કોમ્પ્યુટરાઈઝડ ટિકિટ અથવા મોબાઈલ, મેસેજ જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય.

**(૬) સ્વાગત અને પ્રવેશ કાર્ડ :** કેસરિયા મેળાના ભવ્ય પ્રવેશ દ્વારમાં પ્રવેશતા જ આયોજન મુજબ આવનારનું સ્વાગત સત્કાર થાય. જે જે શ્રી ગોકુલેશ લખેલા કાર્ડ પર આવનારનું નામ, ટેલિફોન નંબર વગેરે ગેટ પર લખાઈને કાર્ડ તૈયાર થઈ જાય જે આવનારે ગળામાં લટકાવી દેવાનું, બાળકોને આ કાર્ડ પીન-અપ કરી આપવા.

**(૭) મનમોહક વેશભૂષા:** મેળામાં મહાલવા તમારે ચાલતા જવું કે ઘોડાપર બેસવું છે એ તમારે નક્કી કરવાનું. અંદર એક બાજુ પર બનાવેલા તબેલામાં ઘોડા-ટટ્ટૂઓ તૈયાર હોય. પાસે જ અવનવા વેશપરિધાન કરવાનો સગવડભર્યો સ્ટોલ રાખ્યો હોય. રાજાનો ડ્રેસ પરિધાન કરી, લાકડાની તલવાર લટકાવી ભાડાના

ઘોડા પર બેસી એક હાથમાં લગામ અને બીજા હાથમાં ગુલાબના ફૂલ સુંગતાં સુંગતા મેળામાં મહાલવા નીકળી પડો. બીજા ઘોડા પર રાણીનો ડ્રેસ પહેરેલી પત્ની પાસે રાખેલા બટવામાંથી મેળામાં બાળકોને ચોકલેટ આપતી જાય. કોઈ વળી સહકુટુંબ બળદગાડા કે ઊંટગાડીમાં નીકળી પડે. અનેક ગતકડાં વહેતા થાય.

**(૮) આપણા ગૃહઉદ્યોગ અને કળા કારીગરીને ખીલવવાઃ** સમાજના લોકોમાં છૂપી આવડત, કળા કારીગરી, હુન્નર, વિદ્વતા ઠાંસી ઠાંસીને ભરેલા છે એને બહાર લાવવાનું આ પ્લેટફોર્મ છે જે ઘરઘરાઉ કામ કરે છે તેને મોકળું મેદાન મળશે, કોન્ટેકટ્સ બનશે, વધશે, ઓર્ડર પ્રાપ્ત થશે, ધનની ઉપલબ્ધિ વધશે. ત્રણ પ્રકારના ભાડાવાળા સ્ટોલ ઓફર કરી શકાય. આ ભાડું ન પરવડતા લોકો માટે એક લાંબી કર્ટેન વૉલ બનાવાય. સાવ સસ્તામાં દરેકને એક ખુરશી સાથે 'પોસ્ટર સ્પોટ' આપી શકાય. એક કેર્ટન વૉલ દ્વારા ૨૦ થી ૪૦ જણ પોતાના પોસ્ટર દ્વારા કાર્યની જાહેરાત, જાણકારી આપી શકે. વસ્તુ વેંચી શકે.

**(૯) બાલાસિનોરની ખાસિયત ધરાવતું મંદિરઃ** મેળામાં આગળ વધો એટલે સુંદર મંદિરના દર્શન થાય. મંદિરના પ્રવેશ દ્વાર પર કેસર, કંકુના તિલક થાય. મંદિરની બહારના પરિસરમાં બાળ કૃષ્ણાની લીલાના સુંદર ચિત્રોનું પ્રદર્શન હોય. તુલસીક્યારો હોય ત્યાં પ્રદક્ષિણા થાય. દિપમાળાના સ્તંભ પર તમે પણ દિવો પ્રગટાવી મૂકી શકો. મંદિરમાં સન્મુખ બેસીને શાંતિથી દર્શન કરી શકો. ઠાકોરજી સમક્ષ ઢોલ, પખાજ, મંજીરા, રાખ્યા હોય. અલગ અલગ મંડળી, ગ્રુપ આવે અને ભજન, કિર્તન, ધોળ, કરવાનો લાભ લે. મંદિરના પરિસરમાં ફૂલઘર હોય, જેને ઈચ્છા હોય તે માળાજી બનાવે અને ઠાકોરજીની સમક્ષ રાખેલ છાબમાં પધરાવે. અહીં દર્શન માટે આવનાર જેને ઈચ્છા હોય તે છાબમાં રાખેલ માળાજી પોતાના ઘરના ઠાકોરજી માટે લઈ જઈ શકે. (ઘણા ને તમારા જેવા સુંદર માળાજી બનાવતાં આવડતા નથી). ત્યાંજ વૈષ્ણવો સામગ્રી બનાવે અને એકમેકને અનેકને પ્રસાદ લેવડાવે.

**(૧૦) મેળામાં સગપણ અને મેળામાં લગ્ન :** બાલાસિનોર મેરેજ બ્યુરો તમારા સપના સાકાર કરવા હંમેશા તૈયાર છે. બહારના પ્રોફેશનલ મેરેજ બ્યુરોવાળા પચાસ હજારથી ત્રણ લાખ ખંખેરતા થઈ ગયા છે. તમે અહીં મેળામાં સગાઈ અથવા લગ્નયોજી શકો છો. કોઈ વાડી, ડેકોરેશન, કેટરરનું ટેન્શન નહીં. આપણા મેરેજ બ્યુરો દ્વારા અહીંજ પરણવા લાયક યુવક-યુવતીઓ માટે પરિચય, મુલાકાત ગોઠવાય. જો બંને પક્ષે મંજૂરી હોયતો નક્કી કરેલ રૂપિયા ભરી, રજીસ્ટ્રેશન કરાવી. અહીંના મંચ પરથી જાહેરાત કરી શકાય. અહીં પચરંગી ભાત પાડતા, વિવિધતા ભર્યા, સોહામણા લાગતા માંડવા તૈયાર હોય. અહીં સગાઈ અથવા લગ્ન કરવા ઈચ્છતા દુલ્હા-દુલ્હન રજીસ્ટ્રેશન કરાવી આ માટે નાનું અથવા મોટું પેકેજ પસંદ કરી શકે. નાના પેકેજમાં થોડા સોફા, થોડી ખુરશી, મોટા પેકેજમાં વધારે, અને મર્યાદિત સમય મયાદિત સંખ્યા. પ્રસંગમાં સામેલ થનાર શુભ ચિંતકો માટે વિવિધતા ભર્યા ફૂડ પેકેટો (રોયલ, ડીલક્સ, ગોલ્ડન) માંથી પસંદગી કરી મહેમાનોનું સ્વાગત કરી શકાય.

**(૧૧) લિટલ વન્ડર વર્લ્ડઃ** બાળકોને આકર્ષે તેવું સુંદર સ્પોર્ટ. રમતગમતના વિવિધ સાધનો, મુન વોકર, સ્કેટીંગ પ્લેટફોર્મ, કમળ અને બતકવાળું પાણીનું હોજ, લપસણા ડુંગર ઉપર ચઢી 'બાલાસિનોર'નો ધ્વજ ખોસવો, વિધ વિધ પ્રકારની સ્પર્ધાઓ, ચિત્રકામ, હસ્તકામના વર્કશોપ. બાળકોનો ડાન્સ શૉ, ટેલેન્ટ શૉ. જાદુના ખેલ, કઠપૂતલીના ખેલ વગેરે યોજાય. રિમોટ થી પ્લેન, હેલિકોપ્ટર ઉડાડવા.

**(૧૨) યુવક-યુવતીઓ માટે વિવિધ સ્પર્ધાઓ :** કેટવોક, મોનો એકટીંગ, હાઈ જમ્પ, લોંગ જમ્પ, રસ્સી ખેંચ, બોક્સ ક્રિકેટ ડાન્સ, સોંગ કોમ્પીટીશન વગેરે યોજાય.

**(૧૩) જીવનના યાદગાર દિવસોની**

Lightng ideas

**ઉજવણીઃ** એક એવું પ્લેટફોર્મ તૈયાર કર્યું હોય જ્યાં તમે વર્ષગાંઠ ઉજવી શકો, બાળકોની બર્થ ડે પાર્ટી, મેરેજ એનેવર્સરી, સિલ્વર જ્યુબીલી, ગોલ્ડન જ્યુબીલી, તમને માન-સન્માન મળ્યાની પાર્ટી યોજી શકો. સમય સંખ્યા અને ફૂડપેકેટ પ્રમાણેનું પેકેજ ખરીદો અને તમારા પ્રસંગને રંગીન બનાવો.

**(૧૪) આપણી બધી સંસ્થાની સેવા એકજ સ્થળ પરઃ** મેળામાં સર્વ સંસ્થાઓના સ્ટોલ ઉપલબ્ધ હોય. દરેક પ્રકારની માહિતી પ્રાપ્ત થાય. આજેજ મેમ્બર બનો, કાર્ડ પ્રાપ્ત કરો. ફિકસ્ડ ડીપોઝીટ મૂકો તરત જ રસીદ મેળવો. વિવિધ યોજનાઓમાં ડોનેશન નોંધાવો અને જાહેર મંચ પર થી આની જાહેરાત થવા દો. વિવિધ સમિતિઓમાં, કમિટિઓમાં જોડાવાના હોંશ હોય તો લિસ્ટમાં નામ લખાવો. ગેરેન્ટી આપવા માટેના કાર્ડ અહીં જ ભરો.

ભારતના નકશા પર ગુજરાતનું નામ ઉભરી રહ્યું છે. ગુજરાતમાં રોકાણ કરવા, જગ્યાઓ લેવા ઈચ્છતા લોકોને લોન આપવા શક્યતાઓ ચકાસાય, ચર્ચાસત્ર યોજાય. એક આખી નવનિર્માણ કમિટિ બને જે ગુજરાતમાં રોકાણ, જગ્યાઓ ખરીદવા માટે લોકોને લોન ઉપલબ્ધ કરાવી આપે.

**(૧૫) રાસ-ગરબા તથા હરિફાઈઃ** જે તહેવાર નિમિતે આ મેળો યોજાય છે તે ચૈત્રી નવરાત્રીનું અદકેરું મહત્વ દર્શાવી સાંજ પછી રાસ-ગરબા રમાય, હરિફાઈ યોજાય અને ખેલૈયાઓને બિરદાવી માન સન્માન ઈનામ અપાય.

મેળામાં સાજનનો સાથ માણવા, મનના માણીગરને પામવા, અરીસામાં જાડા-પાતળા પ્રતિબિંબ ઝીલવા, ચકડોળે ચડી ચાળા અને ચિચિયારીઓ કરવા, લોકજબાને રમતા બાલાસિનોરના કેસરીયા મેળે ભમવા અમેતમે મળશું, મળતાં રહીશું કેસરિયા કોલ દેતા રહીશું વર્ષો વર્ષ. ✤✤✤

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**

**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત**

# ૬૩મો વાર્ષિક રસોત્સવ યોજે છે

# નવું નાટક

**તારીખ : ૨-૧૧-૧૪ રવિવાર**

**સમયઃ સવારે ૯ કલાકે**

**સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ**

**મુખ્ય મહેમાન : શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા)**

**ટિકિટનું વિતરણ : ૧૯-૧૦-૧૪ રવિવારે, સમય : સવારે ૯ થી ૧૧ કલાકે**

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકિટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ:** ૪૫/૪૯, બાલકૃષ્ણ કો.હા.સો.લિ., બાબુગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ

૨) **વાંદરાથી ગોરેગામ શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી:** બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), **મો.: ૯૮૧૯૩૪૨૮૫૬.**

૩) **મલાડ થી કાંદિવલી: કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)** : એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ). **નિમિશ ગાંધી : ૯૮૨૧૧૬૪૭૩૧**

૪) **બોરિવલી થી વિરાર : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)** : સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ) **મો. : ૯૮૨૦૦૧૧૫૮૬**

**નોંધ : વ્યક્તિ દીઠ બે ટિકિટ આપવામાં આવશે.**

ટિકિટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે.

**વિતરણના દિવસે ટીકિટો વધશે તો નીચે જણાવેલ સ્થળ થી મેળવી લેવી.**

**નીકોશી ટ્રેડીંગ કંપની :** ૧૨/૫ ૧લે માળે, કાર્મેલસ બીલ્ડીંગ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, **સંપર્ક : શ્રી સમીર ગાંધી - ૦૨૨-૨૨૦૬૦૨૯૪**


આ કાર્યક્રમ માણનારનો આનંદ જળવાઈ રહે માટે સૌ આમંત્રિત અને પ્રેક્ષકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી** **સંયોજક : શ્રી સમીર જયેન્દ્ર ગાંધી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

## શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના

## મુખ્ય મહેમાન શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા) નો પરિચય



શ્રી ગોકુલનાથજીના અનન્ય સેવક **શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડિયા)** સ્વ. ચીમનલાલ સાંકરલાલ પરીખ અને સ્વ. જીવકોરબેન ચીમનલાલ પરીખના સુપુત્ર, બાલાસિનોર જન્મ, મેટ્રીક સુધીનો અભ્યાસ. બાલાસિનોરની કોરોનેશન શાળામાં ત્યારબાદ વલ્લભ વિદ્યાનગર થી BA (HONS) અને મુંબઈ યુનિર્વસિટી થી LLB ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

શ્રી દિનેશચંદ્ર સમસ્ત ભરૂચી વૈષ્ણવ સમાજના ટ્રસ્ટી છે અને બાલાસિનોરની અનેક સંસ્થામાં કાર્ય કરેલ છે. બાલાસિનોરની સર્વ સંસ્થા માટે પ્રેમ, સન્માન અને આદર છે. આપણા ગામની દરેક સંસ્થાના કાર્યકર્તાઓ જે નિસ્વાર્થ અને ઉત્સાહ થી કાર્ય કરે છે તેમના માટે તેઓને સન્માન અને આદર છે.

તેઓએ યથાશક્તિ મુજબ બાલાસિનોરની વિવિધ સંસ્થાઓમાં માતબર આર્થિક સહાયતા કરેલ છે.

છેલ્લા ૪૦ વર્ષથી ઈલેકટ્રીકના ધંધામાં તેઓ પ્રવૃતિમય છે. મિલન ઈલેકટ્રીક કોર્પોરેશનના નામે કંપનીમાં તેમના પુત્રો મિલન અને અમીત સાથે ધંધાકીય પ્રવૃતિમાં સંકળાયેલ છે.

શ્રી દિનેશચંદ્રની પત્નીનું નામ ગીતા અને પુત્રીનું નામ રૂપલ છે. પત્ની ગીતા સર્વ લૌકિક અને અલૌકિક કાર્યમાં મદદ કરે છે. તેમના પૂજ્ય માતા-પિતા તથા ત્રણ ભાઈ, ત્રણ બહેનોનો અનહદ પ્રેમ તથા ઉપકાર છે. તેઓ હંમેશા તેમના ઋણી રહ્યા છે.

શ્રી દિનેશચંદ્રનું બાળપણ બાલાસિનોરમાં વિત્યું છે એટલે તેમણે હૃદયપૂર્વક સર્વ લોકિક અને અલૌકિક કાર્યમાં બનતી મદદ કરી છે. શ્રી ગોકુલનાથજીના અનન્ય સેવક ધાર્મિક પ્રવૃતિમાં અગ્રેસર છે. શ્રી ગોકુલનાથજીની અસીમકૃપાથી શારિરીક અને આર્થિક રીતે સુખી જીવન વ્યતિત કરી રહ્યા છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત

## શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (મે. સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઇ, શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીયા એન્ટરપ્રાઇઝ) પુરસ્કૃત

# આંતરીક રમત-ગમત ૨૦૧૪-૨૦૧૫

## સ્પર્ધાના નામો

**૧) કેરમ સીંગલ્સ અને ડબલ્સ (૨) કેરમ સીંગલ્સ (૩) કેરમ સુપર હિટ મુકાબલા (૪) ચેસ**

કન્વીનરને ગેમ રદ કરવી અથવા રુલ્સ બદલવાનો અધિકાર રહેશે.

આ સ્પર્ધાનું આયોજન તા. ૧૬-૧૧-૧૪ના રોજ સવારે ૯.૩૦ વાગે સંસ્થાની ઓફીસમાં, સી.પી.ટેન્ક ખાતે શરૂ થશે. ચેસ અને કેરમ એક જ દિવસે તા. ૧૬-૧૧-૧૪ના દિવસે રમાડવામાં આવશે. જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તો તે શ્રી સંજય જે. શાહનો સંપર્ક કરવો. મો. ૯૮૨૦૩૪૧૩૭૦ અથવા સંસ્થાની ઓફીસે સંપર્ક કરવા વિનંતી. એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે.

## ઉપનગર વિભાગ (વાંદરા થી વિરાર)

આ વર્ષે પણ ઉપનગર વિભાગમાં તા. ૧૪-૧૨-૧૪ના દિવસે સવારે ૯.૦૦ કલાકે આંતરીક રમત ગમતનું આયોજન શ્રી શ્રેયાંશ ભાઈ અને શ્રી અપૂર્વભાઈના નીવાસ સ્થાને રાખવામાં આવ્યું છે. જેઓને ઉપર જણાવેલ સ્પર્ધામાં ભાગ લેવો હોય તો તેને નીચે જણાવેલ કમિટિ મેમ્બરનો સંપર્ક કરવો અને આ માટે રૂા. ૫૦/- વ્યક્તિ દીઠ આપવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧) | સંજય જે. શાહ (કન્વીનર) | - | ૯૮૨૦૩૪૧૩૭૦ |
| ૨) | નીમીષ બાબુલાબ ગાંધી | - | ૯૮૨૧૧૬૪૭૩૨ |
| ૩) | જીગર મણીકાંત કડકીયા | - | ૯૮૨૦૩૩૧૫૩૫ |
| ૪) | ગોપાલ રમણલાલ કડકીયા | - | ૯૮૧૯૫૦૭૪૫૨ |
| ૫) | દક્ષેશ સોમાલાલ પરીખ | - | ૯૩૨૪૪૦૭૬૯૮ |
| ૬) | હેમેન્દ્ર રમણલાલ શાહ | - | ૯૮૨૦૦૧૧૫૮૬ |

**મંત્રી - ભાવેશ બીપીન મોદી** **સંયોજક - સંજય જયંતીલાલ શાહ**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

### ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ)


### દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત ચોથા વર્ષે આર્થીક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.

મુંબઈ વસતા કુટુંબોને તા. ૧-૧૦-૧૪ થી ૧૫-૧૦-૧૪ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના સમયે ૧૨ થી ૬ દરમ્યાન સહાય આપવામાં આવશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાન્ત કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અજીત નટવરલાલ મોદી**



# હાર્દિક અભિનંદન

## બાલાસિનોરનું ગૌરવ
## સેવાભાવી કાર્યકર અને દાનવીર દાતા

### શ્રી વસંત શાન્તિલાલ પરીખ (કુવાવાલા)
**જન્મ : તા. ૧૮-૨-૧૯૩૭**

બાલાસિનોરની અનેક સામાજીક સંસ્થાઓના સ્થાપક સભ્યમાં એક અને પ્રણેતા, બંધારણીય નિષ્ણાત, કાનુની સલાહકાર, સહૃદયી મિત્ર, સૌના માર્ગદર્શક, વિવિધ સંસ્થાઓમાં હોદેદાર તરીકેની અમુલ્ય સેવા આપનાર અદના કાર્યકર શ્રી વસંત શાન્તિલાલ પરીખની બાલાસિનોર ખાતેની પ્રતિષ્ઠિત કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલના ઉપપ્રમુખ તરીકેની દશેક વર્ષની સેવા બાદ તા. ૨૬-૮-૨૦૧૪ના રોજ પ્રમુખ તરીકેની વરણી થઈ તે બદલ અભિનંદન.

વડીલોના આર્શિવાદ અને માતા-પિતાના સંસ્કારથી ઉપરોક્ત હોસ્પિટલને **સ્વ. કમળાબેન શાંતીલાલ પરીખ (કુવાવાળા)** પરિવારના નામે શ્રી વસંત શાંતિલાલ પરીખ (કુવાવાલા)એ રૂપિયા એક કરોડનું માતબર દાન આપવાની જાહેરાત કરી આપણા સૌનું ગૌરવ વધાર્યું છે.

બાલાસિનોર ખાતેની સ્થાનિક સંસ્થાને એકી સાથે આવું માતબર દાન આપનાર તેઓ પ્રથમ દાનવીર છે.

હાલમાં તેઓ બાલાસિનોર ખાતે આવેલ શ્રી મદન મોહનજી મંદિરમા ટ્રસ્ટી અને ખજાનચી ની સેવા આપી રહ્યા છે. તેમના ત્રણ પુત્રો પ્રતિક્ષ, રૂપેશ અને દીપેન વિદેશમાં અને પુત્રી નૃપા મુંબઈમાં વિશાળ કુટુંબ પરિવાર સાથે સ્થાયી થયા છે. પત્ની કોકિલાબેનનો સંપૂર્ણ સાથ સહકાર તેમને મળી રહ્યો છે.

અમો બાળપણના તેમના નિકટના મિત્રો સાથીઓ તરીકે ખૂબ જ આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. તેઓ સૌના પ્રેરણામૂર્તિ બની રહે એવી અભ્યર્થના.

**અનામી મિત્ર મંડળ**

**ગોલવાડની શેરી, બાલાસિનોર**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

તા. ૩૧-૧૦-૧૪, શુક્રવારે, સ્થળઃ તેજપાલ, ગ્રાન્ટરોડ, સ્નેહ સંમેલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના પાસ રૂા. ૬૦ લઈ તા. ૧૫-૧૦-૧૪ને બુધવારે બપોરના ૩ થી ૪.૩૦ સુધીમાં આપવામાં આવશે. વહેલો તે પહેલાના ધોરણે પાસનું વિતરણ થશે. એક વ્યક્તિને ૪ મેમ્બરશીપ કાર્ડ પર ૪ પાસ આપવામાં આવશે.

## શ્રાવણ મહિનાનો કાર્યક્રમ

તા. ૩૧-૮-૧૪ને રવિવારે બપોરે ૩ વાગે પ્રેમપૂરી આશ્રમમાં પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયના વચનામૃતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી યદુનાથજી મહોદય પધારી શ્રી ગોકુલનાથજી વિશે સુંદર વચનામૃત કર્યા હતા.

આ કાર્યક્રમના મનોરથી મણીબેન ઓચ્છળલાલ કોદરલાલ કડકિયાનો પરિવાર હસ્તક કુસુમબેન મધુસુદન, સરલાબેન પ્રવિણચંદ્ર, કિર્તીકા ભુપેન્દ્રભાઈ, સોહિણી યોગેશકુમાર અને છાયા વિજયભાઈ હતા. મહિલા વિભાગ સહુ મનોરથીઓનો હૃદપૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમના આયોજનમાં મહત્વની ભૂમિકા નિભાવનાર મનોજભાઈ કરેચિયા શરૂઆતમાં સુંદર કિર્તન કરી એક અનોખો માહોલ રચવા બદલ ઉર્મિલાબેન વોરાનો તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ અને સહકાર આપનાર સહુ વૈષ્ણવોનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

**સંયોજક - સોહિણી કડકિયા**
**૯૮૨૦૩૫૬૩૫૯**

# પૂ.પા.ગો.૧૦૮ શ્રી યદુનાથજી મહોદયના વચનામૃત તા. ૩૧-૮-૧૪ રવિવાર

શ્રી મહાપ્રભુ-વૃક્ષ છે. ગુંસાઈજી ફળ છે, ગોકુલનાથજી પુષ્ટિમાર્ગનો રસ છે, આપણે ૫૦૦ વર્ષ પાછળ જઈશું તો શ્રી મહાપ્રભુ શ્રી વલ્લભ મળશે. મહાપ્રભુજીએ કહયું તથૈવ તસ્યૈ લિલેતિ આ જે થઈ રહી છે તે ભગવાનની લીલા છે. પણ જીવનમાં કર્મ, ક્રિયા, લીલા ત્રણ છે. જે પાપ પુણ્ય ભોગવવા પડે છે તે કર્મ, જે જીવનમાં કાર્ય કરે છે તે ક્રિયા, ભગવાન જે કરે છે તે લીલા. એ સમજીએ કેમ ? જે પોતાની ક્રિયા પર ભરોસો કરવા જાય તો ઉદ્વેગ થાય. પણ પ્રભુ જે કરે છે તો એના માટે કહયું - પ્રભુ સર્વ સર્મથો હી તતો નિશ્ચિત તતામ્ વ્રજેત. આ ઘર (શરીર) ભાડાનું છે. તો હેંગરમાં કપડાં ટીંગાળીએ અને હેંગર ભાર ઝીલે તેમ આપણને બધા પોતાના દુઃખો વિશે કહીને એ હળવા થઈને ચાલી જાય. આપણે એ દુઃખનો ભાર માથામાં લઈને ફરીએ. ઠાકોરજી આપણા ઘણા કામ કરી બતાવે છે. પણ પ્રભુ પર સતત ભરોસો જોઈએ.

મન પ્રભુને સોંપી નિશ્ચિત થઈ જવું. હવે ૫૦૦ વર્ષ આગળ જઈએ પ્રભુ આપણને રાગ. ભોગમાં અટવાઈ દે છે ને આપણે અટવાઈ જઈએ છીએ. તો શ્રી ગુંસાઈજી કહે છે કે આ રોગ, ભોગ, શ્રૃંગાર તું ઠાકોરજીની સેવામાં જોડી દે, પ્રભુમાં મન, દેહ, ઈન્દ્રિય, દ્રવ્ય જોડી દેવાનો પ્રયત્ન કર.

ગોકુલનાથજી એકવાર કાશમીર પધાર્યા, ત્યાં એમણે માળા, તિલકનું રક્ષણ કર્યુ. એમનું સમગ્ર ધન, વસ્ત્ર, આભૂષણ યમુનાજીમાં ધરી દીધા અને કહયું કે આ ઐશ્વર્ય મારે નથી રાખવું મારે તો યમુનાજીના તટ પર રહેલી રજ છે એજ ઐશ્વર્ય મારામાં રહે, ગોકલેશ પ્રભુનું સમગ્ર ઐશ્વર્ય નામમાં છે. કૃપા વૃષ્ટિ છે. ગોકલેશ પ્રભુ આપણને અલૌકિક સામર્થ્ય આપે છે.

**નામ તણો છે મહિમા મોટો શ્રી ગોકુલનાથજી ગાજે રે**
**સ્મરણ કીર્તન કરીએ પ્રભુના સઘળાં દુઃખડા ભાજે રે**
**સદા સર્વદા સ્વ... થવો ગુણ પ્રભુના ગાવો રે,**
**દુઃખ સાગરનો ત્યાગ કરીને શરણ પ્રભુના જાવો રે**
**તે માટે હું તમને કહું છું નામ નિરંતર લેજો રે.**
**જન્મ મરણનો ભય નિવારી પ્રભુ ચરણ ચિત દેજો રે**
**ચાર અક્ષર છે ગૂઢ ગૂઢાતંર મહામંત્ર ફળ કારી રે**
**રસિક જણના ભાગ્ય ફળ્યા તે નામ રસે ચિત્ત ધારી રે.**

ગોકુલેશ પ્રભુના નામમાં જ અમૃત છે. જેટલું નામ એનું લેશો સ્મરણ કરશો તો યમુનાજીનું પાન, ગિરીરાજની પરિક્રમા, વ્રજયાત્રા નામ લેતા થઈ જશે અને જીવનમાં આવતા પ્રતિબંધો દૂર થસે. રસિક ભક્તો ચાતક જેવા છે જેમ ચાતક પક્ષી સ્વાતી નક્ષત્રના જળ પીએ તેમ ગોકુલનાથજીના નામથી સ્મરણથી અંતરંગ ભગવદીઓનો સંગ કરી આપે. દ્દઢ આશક્તિ થાય અનુભવ કર્યો હોય તો એની સ્મૃતિ મગજમાં ફળરૂપે રહી જાય. જેને પૂર્વ પ્રભુની લીલાઓનો અનુભવ થયો હોય તેને આ જન્મમાં અનુભવ લેનારને ખ્યાલ આવેતો સંસારમાં પ્રવૃત થયેલુ ચિત્ત તેમાંથી નીકળી પ્રભુની લીલામાં ચોટી જાય ને સંસારમાં લૌકિક આવે, વધારાના કાકંરા કાંટા આવે ખેડૂત જેમ હળ ચલાવેને ખેતર ખેડાય. તેમ અંદર રહેલો ઉદ્વેગ દૂર થાય શરૂરમાં રહેલું ખેતર ખેડાય અને પ્રતિબંધો દૂર થાય. પ્રભુમાં વિશ્વાસ જગાડે દ્દઢ આશ્રય કરાવે. બીજ વાવેતો એ બીજ જરૂર દ્દઢ થાય. જેમ આંધી આવે ને ઝાડ ઝૂકી પડે તેમ ગોકલેશનું નામ સ્મરણ કીર્તન કરવાથી દીનતા આવી જાય. અહંકાર મમતા દૂર થઈ જાય.

**પ્રભુના છ ગુણોઃ** ઐશ્વર્ય - જેમ જીવનો જન્મ થયો કે આનંદ ગયો. ઐશ્વર્ય ગયું

**વીર્ય** – જન્મમરણના ફેરામાં અટવાઈ રહ્યો. - વીર્ય ગયું

**શ્રી** – શોભા ગઈ સંસારમાં આવવા લાગ્યો. શ્રી ગયું

**યશ** – સુખદુઃખમાં આવી ગયો.

**જ્ઞાન** – પોતાનું સ્વરૂપ ભૂલ્યો

**વૈરાગ્ય** – ભગવાનને છોડી રાગમાં અટવાયો.

**બ્રહ્મ** – પરમ આનંદ સ્વરૂપ, પરમ શાંતિ સ્વરૂપ, દુઃખની અનુભૂતિ છે જ નહિ.

માટે ગોકલેશનું નામ લેવું સદા સર્વદા.

હાથમાં લીધેલું જળ અંજલીનું જળ યમુનાજીમાં પધરાવો તો યમુનાજી મળે તો તે સ્વકીય. માણસ બધાને જુએ છે પણ પોતાને નથી જોતો અધ્યાત્મમાં પોતાને જોવો, બ્રહ્મસંબંધ લેવડાવે, પછી તે સ્વકીય બને છે. પ્રાણોનો આધાર પ્રભુ. ધ્રુવ ફલ દશામાં જ હતો. પ્રભુ પોતે મળવા આવત. એટલો તાપ હતો. પણ રસ્તામાં નારદજી મળ્યા અને કહયું કે જા ત્યાં તપ કર. એટલે સાધન અવસ્થામાં ગયો. અને પ્રભુના દર્શનને અંતરાય પડી ગયો. ગોપાલદાસને ગુંસાઈજીએ તાંબૂલ પધરાવી પ્રત્યક્ષ પ્રભુનો સ્પર્શ કરી ખોળામાં બેસાડયા અને વાણી સ્ફૂરી. ધ્રુવને સાધન અવસ્થામાં શંખની પ્રાપ્તિ થઈ તેમ આપણે પણ બીજા સાધનમાં અટવાઈ જઈએ તો વિજાતીય ત્રણ વસ્તુથી બચવાનું વિજાતીય વર્ણ ભાવ કોઈના ભાવનું અનુકરણ ન થાય. એક જણે સેવામાં ભોગમાં ચમચી નહોતી તો દાતણ મૂકયા. તો બીજાએ ચમચા કાઢીને દાતણ મૂક્યા. ચમચા ફેંકી દીધા. તો ભાવ વિજાતીય, એ અનુકરણ કરીએ તો સ્વકીય જાય. સેવા મુખ્ય સાધન, ગૌણ, દૂધ, દહી. દહી બીજા દૂધમાં જાય તો દહી થી જાય. પાછુ દૂધ ન થાય તે સ્વકીય. એટલે આપણે જેવા છીએ તેવા પ્રભુના શરણે થાવ તે સ્વકીય.

પ્રેમ એજ નિદોર્ષતા. પ્રભુમાં પ્રીત હોય તો તે પણ કોઈના દોષ ન જુએ સ્નેહ, પ્રીતિ બધું સાબિત થયું. અંજલીનું જળ હાથમાંથી ક્યારે જતુ રહેશે તે ખબરે નહિ પડે. તેમ મરણ ક્યારે જતુ રહેશે તે ખબર નથી પડતિ હરિ જ સર્વ કરશે આ વિવેક હોવો જોઈએ. 'નિજેચ્છાત કરિષ્યતિ' પ્રભુની ઈચ્છાથી મળશે, નીજજનોની ઈચ્છાથી કરશે. જન્મ મરણનો ભય નિવારી પ્રભુનું ચિંતન રાખજો.

ચાર અક્ષરનો આ ગૂઢ ગૂઢાંતર મંત્ર છે. ગોકુલના ઈશ-પ્રકટેલા પ્રભુ નાથ, ગો-ઈન્દ્રિય, ગો-નાથ, ગો-જ્ઞાન, ગો-ભક્તિ, ગો-નામ, ગો-ઉપનિષદ, ગોકલેશ નામ મને મળ્યું છે. ગોકલેશના નામથી મને અનન્યતા આવી છે. પ્રીતિ મળી છે. જેણે જેણે આ નામનું રટણ કર્યુ છે. ચિત્તનું ગ્રહણ કર્યુ છે. નામ, ર્કિતન સદાય, સર્વદા નિરંતર લીધું છે તેને વિશ્વાસ, ભાવ, અનુભવ, સ્નેહ, પ્રીતિ, બધુ સાબિત થઈ ગયું છે માટે ગોકલેશના નામનો મહિમા મોટો.

**સંયોજક : સોહિણી કડકિયા - મો. ૯૮૨૦૩૫૬૩૫૯**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (સંચાલિત)
## શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ પુરસ્કૃત
## ઉપનગર વિભાગ

**તારીખ** : ૫-૧૦-૨૦૧૪ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે

**સ્થળ** : એમ.કે.હાઈસ્કુલ હોલ, ફેકટરી લેન, બોરિવલી વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૯૨

ઘણા વર્ષો પછી દાંડીયારાસની રમઝટ ઓર્કેસ્ટ્રાના સથવારે રાખેલ છે. આપ સૌને ટ્રેડીશનલ ડ્રેસમાં રમવાની મજા પડશે. ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી રમાડવામાં આવશે.

**નોંધઃ દાંડીયારાસમાં પ્રથમ ૫૦૦ વ્યક્તિને ફ્રી કોલ્ડડ્રીંક મળશે.**

## ૨ જો પ્રોગ્રામ

**નવું નાટક તા. ૭-૧૨-૨૦૧૪ પ્રબોધનકર ઠાકરે હૉલ (બોરીવલી)**

**વધુ વિગત આવતા અંકે**

**મંત્રી :** ભાવેશ બી. મોદી - ૮૮૭૯૪૨૨૩૦૪

**સંયોજક :** હેમેન્દ્ર આર. શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬



# આસો ના અજવાળાં ને નવરાત્રી - દિવાળીના વધામણાં



**આપણા સમાજના લોકોએ પાઠવેલ ઉપહાર દ્વારા તહેવાર ઉજવો પૂરેપૂરી શાનથી. શક્તિને જાગ્રત કરવાના આ તહેવારોમાં આપણા કુળદેવી મા શ્રી સર્વમંગલા માતા વિશે વિશેષ જાણકારી, મહેમાનોના સ્વાગત માટે શું શું કરશો ? તેમજ તમારી તમામ પ્રકારની ખરીદી માટેના શ્રેષ્ઠ મુહૂર્તો.**

## કુળદેવી મા શ્રી સર્વમંગલા માતા

- ગોર શ્રી ગોપાલ ભટ્ટ

### (૧) શ્રી સર્વમંગલા દેવી પ્રાગટય ઈતિહાસ

શ્રી ગદાધર પૂરાણમાં જણાવ્યા પ્રમાણે ઈષ્ટદેવ શામળારાયના શામળાજી ખાતે રાજા હરિશચંદ્રે નગરી નિર્માણ કાર્ય આરંભ્યુ. પ્રારંભિક નગરની દિવાલનું કાર્ય શરૂ કર્યું. દિવસ દરમ્યાન ચણતર થતું પણ રાત્રે આ દિવાલ તૂટી જતી હતી. આમ બનતું હોવાથી રાજા થાક્યો અને તેમના કુલ ગુરૂથી ઔદુમ્બરને આ શંકાના સમાધાન માટે પૂછયું ત્યારે ઋષિ ઔદુમ્બરને પ્રેરણા થઈ અને તેનું સમાધાન થતાં ગોત્રમાતા સર્વમંગલાએ કહયું.. હું તારી ગોત્રમાતા છું, કુળદેવી છું. તારા પિતાશ્રી ત્રિશંકુએ આ ક્ષેત્રમાં જ્યારે યજ્ઞ કર્યો હતો ત્યારે મારું સ્થાપન કર્યું હતું. તે ગોત્રમાં ઉત્પન્ન થયેલ બાળકોએ પ્રત્યેક કામના આરંભમાં પોતાની કુલમાતાનું પૂજન કરવું જોઈએ. જે તેં નથી કર્યું. મને તું બીલકુલ ભુલી જ ગયો છે. તેથી આ કોટ પડી ગયો છે. ત્યારબાદ રાજાએ કુળદેવી સર્વમંગલાનું પૂજન કર્યું અને કોટનું નિર્માણ પૂરૂ કર્યું. આ યજ્ઞનો સમય સંવત ૧૧૫૫ મહા માસની પંચમીને ગુરૂવાર હતો. આમ હર્ષલ પર્વત પર બિરાજમાન માઁ સર્વમંગલા દેવી પ્રગટ થયાં હતા.

હરિશ્ચન્દ્રપુરી એ જ આજનું શામળાજી તીર્થ સ્થળ છે. માઁના કુલ પુત્રોમાં ઔદુમ્બર બ્રહ્મજનો, દશાનીમા નીમા વણીકો, વીશા વણીકો તથા હરસોલા વણીકો અને બ્રાહ્મણો આવતાં હોઈ તેમની કુળદેવી માઁ સર્વમંગલા ગોત્રદેવી કહેવાયા અને ઋષિરાજ ઔદુમ્બરના વંશજ ઔદુમ્બર બ્રાહ્મણો કહેવાયા અને સેવકો દશાનીમા વણિકો કહેવાયા. ચતુર્ભુજ વિષ્ણુ સ્વરૂપ ભગવાન શામળારાય કુળદેવતા અને કુળદેવી માઁ સર્વમંગલા કહેવાયા.

### જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ www.balasinor.org પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો.

**મંત્રી : ભાવેશ મોદી**

## (૨) કુળદેવી માશ્રી સર્વમંગલા માતાનો શ્લોક (ધ્યાન મંત્ર)

।।હેમાભાં કરુણાભિ પૂર્ણ નયનાં
માણિક્ય ભૂષોજવલાં।।
।। દ્વાત્રિંશતદલ ષો શાષ્ટ દલ યુક્
પદમ સ્થિતાં સુસ્મિતામ્ ।।
।। ભક્તાનાં ધનદાં વરં ચ
દધતીં વામેન હસ્તેન તત્ ।।
।। દક્ષેણા ભય માતુલિંગ
સુફલમ્ શ્રી મંગલા ભાવયે ।।

**(૩) અર્થ:**

હેમ વર્ણ એવા, કરુણામય દૃષ્ટિથી જોવાવાળી, માણેક આદિ આભૂષણોથી સુશોભિત ક્રમ સઃ ૩૨ અને ૧૬ એવા અષ્ટદળ થી યુક્ત કમળ પર બિરાજમાન એવા તેમજ ભક્તોને ધન, ઐશ્વર્ય, વરદાન વગેરે વામ હાથે થી દેવાવાળી તેમજ દક્ષિણ હસ્તથી અભયત્વ પ્રદાન કરવા વાળી તેમજ માતૃસુખ, સંતાનપ્રાપ્તિ કરાવવાળી એવી જીવનદાયિની એવી શ્રીયુક્ત મા શ્રી સર્વમંગલાને હું હૃદયથી ભાવપૂર્વક વંદન કરું છું.

**(૪) શ્રી સર્વમંગલાના મંત્રો**

**૧) ૐ હ્રીં કલીં શ્રીં સર્વ મંગલાયૈ નમઃ ।**

**૨) ૐ હ્રીં શ્રીં કલીં સર્વપૂજ્યે દેવી મંગલ ચંડિકે હું હું ફટ્ સ્વાહા ।**

**૩) શ્રી સર્વમંગલાયૈ નમઃ**

**૪) ૐ હ્રીં શ્રીં કલીં સર્વમંગલાયૈ વિચ્ચે ।**

**૫) ૐ ઐં હ્રીં કલીં સર્વમંગલાયૈ વિચ્ચે ।**

**૬) ૐ હ્રીં શ્રીં સર્વમંગલાયૈ નમઃ ।**


COMPUTER COURSE

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત**

COMPUTER COURSE

## કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ Software Academy (પ્રાર્થના સમાજ)/ M/S. Raj Software Techonology (India) LTD. (**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E)), સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે.


આ યોજના માટે સંસ્થામાં / સંયોજક પાસે ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

વધારે માહિતી માટે સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆનો સંપર્ક કરવો.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**



# મીઠો આવકાર રંગોળીને સંગ

## વસ્તુઓ ગોઠવો એટલે રંગોળી તૈયાર !

**સામગ્રી :** શ્રીફળ-પાન યુક્ત કુંભનો ઘડો, પીળા તથા જાંબુડી રંગનું વેલ્વેટ પેપર, જરી ગૂંથેલી નાડાછડી (મોટી સાઈઝ), ચોખા, ચણાની દાળ, મગ, મસુરની દાળ, અડદની દાળ, કંકુ, જરી, કેસરી ગલગોટાના ફૂલ, નાગરવેલના મોટા પાન (૮), ગોલ્ડન બંગડી (૮), સોપારી (૮), દિવા (૪).

**રેખાચિત્ર પ્રમાણે રંગોળી બનાવો :**

(૧) સૌ પ્રથમ રંગોળીની સાઈઝ નક્કી કરી ચોરસ પીળું વેલ્વેટ પેપર તૈયાર કરો, પેપરની બેકસાઈડ ગોળાકાર સેલોટેપ લગાડી રંગોળી માટેની સ્વચ્છ જગ્યા પર આ પેપર ચીટકાવી દો.

(૨) ગોળાકાર જાંબુડી વેલ્વેટ પેપર કાપી પીળા વેલ્વેટ પેપર પર વચ્ચે ચીટકાવો.

(૩) જાંબુડી વેલ્વેટ પર વચ્ચે ગોળાકારમાં ચોખાનો જાડો ઉંચો થર કરો, સપાટી સમથળ સપાટ કરો.

(૪) કુંભના ઘડાને નાડાછડી બાંધો, કંકુ જરીનો સાથિયો કરો, આ કુંભ ચોખામાં વચ્ચે ખોસી દો.

(૫) જાંબુડી વેલ્વેટની ગોળાકાર બોર્ડર પર, નાડાછડી ચીટકાવી દો. ત્યારબાદ કેસરી ગલગોટાના ફૂલ નાડાછડીની બહાર ગોળાકારમાં સાવ પાસે પાસે નાડાછડીને અડાડીને ગોઠવો.

(૬) મોટી સાઈઝના આઠ નાગરવેલના પાન ચાર દિશા, ચાર ખૂણા પ્રમાણે ગોઠવો. પાનની દાંડી ગલગોટાના ફૂલ નીચે સરકાવી દો. દરેક પાનને છેડે એક ગલગોટાનું ફૂલ મૂકો.

(૭) દરેક પાનની વચ્ચે ગોલ્ડન બંગડી મૂકો.

(૮) બંગડીમાં વચ્ચે ચણાની દાળ, બીજી બંગડીમાં મગ, ત્રીજીમાં મસુરની દાળ, અને ચોથીમાં અડદની દાળ ભરો, ફરી એજ પ્રમાણે આગળ ભરો.

(૯) બંગડીમાં વચ્ચે ધાન્ય પર સોપારી મૂકો. સોપારી પર કંકુ જરીનો ચાંલ્લો કરો.

(૧૦) પીળા વેલ્વેટની બોર્ડર પર નાડાછડી ચીટકાવો.

(૧૧) તૈયાર થયેલી રંગોળીના ચારખૂણે દિવા પ્રગટાવો.

# આતિથ્ય :

## (૧) પનીર માવાનાં એપલ

**સામગ્રી** : ૧ લીટર દૂધનું પનીર, ૧૦૦ ગ્રામ માવો. બદામ, પિસ્તા, એલચી, કેસર, કૉનફ્લોર અથવા દૂધનો પાવડર, દળેલી ખાંડ, ખાવાનો લાલ રંગ, ૧ ચમચી દૂધમાં ઓગાળેલું કેસર, વેનીલા એસેન્સ.

**બનાવવાની રીતઃ**

(૧) સૌ પ્રથમ ૧ લીટર દૂધનું પનીર બનાવવું.
(૨) પનીરમાંથી પાણી બરાબર કાઢી નાખવું.
(૩) પનીરના માવામાં ૧ ચમચો કૉનફ્લોર અથવા દૂધનો પાવડર મિક્સ કરવો.
(૪) ત્યારબાદ ૨ ચમચા દળેલી ખાંડ નાખવી સાથે એલચી પાવડર પણ નાખવો.
(૫) બધાને મિક્સ કરી તેના એક સરખા ગોળા ખૂબ જ મસળીને ત્યારબાદ બનાવવા. પનીર સુંવાળું થવું જરૂરી છે.
(૬) હવે માવાને મસળવું. તેમાં બદામ, પિસ્તા, એલચીનો ભૂકો ભભરાવવો.
(૭) તેમાં દળેલી ખાંડ નાખવી.
(૮) સુગંધ માટે ૨ થી ૩ ટીપાં વેનીલા એસેન્સ નાખી બધું મિક્સ કરવું.
(૯) માવાને પણ ખૂબ જ મસળી, સુંવાળુ થાય એટલે એના નાના નાના ગોળા બનાવવા.
(૧૦) પનીરના ગોળાની વાડકી કરી તેમાં માવાના ગોળાને મૂકી, ગોળ ગોળા બનાવવા.
(૧૧) પછી, બ્રશથી ગોળા પર કેસર અને લાગ રંગને લગાડી એક પિસ્તાની કતરી ઉભી લગાડવી અને એપલ તૈયાર કરવું.

આ એપલ ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે.

## (૨) કોથમીર વડી

**સામગ્રી** : ૫ા કિલો ચણાનો લોટ, લીલા આદુમરચા, કોથમીર ૧ ઝૂડી, હીંગ, મીઠું, પાણી, હળદર, તળવા માટે તેલ.

**બનાવવાની રીત :**

(૧) ચણાના લોટમાં મીઠું, હળદર, હીંગ, લીલા આદુમરચા બધું નાખી તેનું ભજિયાના ખીરા જેવું ખીરુ બનાવવું.
(૨) કોથમીરને સાફ કરી, ધોઈ તેને ખીરામાં મિક્સ કરી બરાબર હલાવવું.
(૩) થાળીમાં તેલ લગાડી ખીરાને થાળીમાં નાખવુ અને ઢોકળાની માફક બાફવા.
(૪) ઠંડુ પડે એટલે ચોરસ ટુકડા કાપવા.
(૫) તેલમાં તળી લેવા. ગોલ્ડન રંગના થાય ત્યાં લગી તળવા.
(૬) ગરમા ગરમ કોથમીર વડી ગ્રીન ચટણી અથવા સૉસ સાથે પણ ખાઈ શકાય છે.
(૭) આ વડીને તળીને ડબ્બામાં પણ ચાર-પાંચ દિવસ રાખી શકાય છે. તથા બાફેલી પણ ખાઈ શકાય છે.
(૮) ખાવામાં સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક તથા સોંઘી વાનગી છે.

**- મીની નલીન ધારિયા**

## (૩) પાલકના પાતરા

**સામગ્રી** : (૧) ૧ મોટા પાનવાળી પાલકની ઝૂડી, (૨) અડધો કિલો બાફેલા બટાટા. (૩) ચણાનો લોટ તથા કૉનફ્લોર, (૪) તળવા માટે તેલ, (૫) મીઠું, લીલા આદુ મરચાં, ગરમ મસાલો, ચપટી મરીનો પાવડર, ધાણાજીરુ, ખાંડ, લીંબુ, હીંગ, કોથમીર, તલ તથા લાલ મરચાંની ભૂકી (પાવડર)

**બનાવવાની રીતઃ**

(૧) સૌ પ્રથમ બાફેલા બટાટાનો માવો કરવો.
(૨) તેમાં મીઠું, લીલા આદુ મરચા, ગરમ મસાલો, મરી પાવડર, સાકર, લીબું ધાણાજીરું તથા હીંગ ને કોથમીર નાખી માવો બનાવવો.
(૩) પાલકની ભાજીને સાફ કરી, ગરમ (હવા ઉડેલું) પાણી થી ધોઈ કાઢવી.
(૪) હવે તેના મોટા પાન લેવા.
(૫) એક વાસણમાં ચણાનો લોટ તથા કૉનફ્લોર મિક્સ કરી તેમાં મીઠું, લાલમરચાની ભૂકી (પાવડર) ને હીંગ નાખી પાતળું ખીરું બનાવવું.
(૬) હવે મોટા પાનને લઈ તેમાં બટાટાનું પુરણ ચોપડવું. થોડું જાડું થર કરવું.
(૭) પાતરાંની માફક તેના રોલ વાળવા.
(૮) પછી તેને ખીરામાં બોળી અને તલમાં રગદોળી તળી લેવા.
(૯) ગરમાગરમ પાતરા ચટણી અથવા તો સૉસ સાથે ખાવા.
(૧૦) પાલકના પાતરા ખાવામાં સ્વાદિષ્ટ તથા શરીર માટે ખૂબ જ પૌષ્ટિક છે.

**- ભૂમિકા પારેખ**

# સંવત ૨૦૭૧ના નવા વર્ષના શુકનવંતા ચોપડાઓ નોંધાવવાના / લઈ જવાનાં તથા લક્ષ્મી પૂજનનાં શુભ મુહૂર્તો

- ગોર શ્રી ગોપાલ ભટ્ટ

**દશેરાઃ સંવત ૨૦૭૦ આસો સુદ ૯/૧૦ શુક્રવાર વિજયા દશમી દશેરા તા. ૩-૧૦-૨૦૧૪**

**ગુળિક સમય** : સવારે ૭.૩૦ થી ૯.૦૦ **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૬ થી ૧૨.૪૦

**ચોઘડીયા** : સવારે ૬.૩૧ થી ૧૦.૫૯, ચલ-લાભ-અમૃત, બપોરે :૧૨.૨૮ થી ૧૩.૫૭ શુભ ૧૬.૫૬ થી ૧૮.૨૫ ચલ

**પુષ્ય નક્ષત્ર : સંવત ૨૦૭૦ આસો વદ ૮ ગુરુવાર તા. ૧૬-૧૦-૨૦૧૪ ગુરુપુષ્ય અમૃતયોગ**

**ગુળિક સમય** : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૩ થી ૧૨.૩૭

**ચોઘડિયા** : સવારે : ૧૦.૫૭ થી ૧૫.૨૦ ચલ-લાભ-અમૃત, બપોરે : ૧૬.૪૭ થી ૧૮.૧૫ શુભ, ૧૮.૧૫ થી ૨૧.૨૦ અમૃત, ચલ

**ધનતેરસ : સંવત ૨૦૭૦ આસો વદ ૧૩ મંગળવાર તા. ૨૧-૧૦-૨૦૧૪**

શ્રીયંત્ર પૂજન, ધન્વંતરી પૂજન, ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન કરવું.

**ગુળિક સમય** : બપોરે ૧૨.૦૦ થી ૧૩.૩૦

**વિજય મુહૂર્ત** : બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ચોઘડિયા** : સવારે ૯.૩૦ થી ૧૩.૫૧ ચલ-લાભ-અમૃત, બપોરે ૧૫.૧૮ થી ૧૬.૪૫, શુભ

**ગોરજ સમય** : સાંજે ૬.૦૦, રાત્રે : ૧૯.૪૫ થી ૨૧.૧૮ લાભ , ૨૨.૫૧ થી ૦૦.૨૪ શુભ

**દિવાળી : સંવત ૨૦૭૦ આસોવદ ૩૦ ગુરુવાર તા. ૨૩-૧૦-૨૦૧૪**

દિપ-પ્રાગટય ઉત્સવ, મહાલક્ષ્મી પૂજન, કુબેર પૂજન, શારદા પૂજન, ચોપડા પૂજન.

**ગુળિક સમય** : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ચોઘડિયા** : સવારે ૬.૩૭ થી ૮.૦૩ શુભ, ૧૦.૫૭ થી ૧૫.૧૭ ચલ-લાભ-અમૃત, બપોરે : ૧૬.૪૪ થી ૧૮.૧૦ શુભ, રાત્રે : ૧૮.૧૦ થી ૨૧.૧૭ અમૃત, ચલ, ૦૦.૨૪ થી ૧.૫૭ લાભ

**બ્રહ્મ મુહૂર્ત** : દિવાળીની રાત્રે વહેલી સવારે ૩.૩૦ થી ૬.૩૭ શુભ, અમૃત

**બેસતું નવું વર્ષ : સંવત ૨૦૭૧ કારતક સુદ ૧ શુક્રવાર તા. ૨૪-૧૦-૨૦૧૪**

સ્નેહ મિલન, ચોપડા માં મિતિ નાખવી, વડીલો, ગુરુના આશિર્વદ લેવા.

**ગુળિક સમય** : સવારે ૭.૩૦ થી ૯.૦૦

**વિજય મુહૂર્ત** : બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ચોઘડિયા** : સવારે ૬.૩૭ થી ૧૦.૫૭ ચલ-લાભ-અમૃત, બપોરે ૧૨.૨૩ થી ૧૩.૫૦ શુભ

**લાભ પાંચમ : સંવત ૨૦૭૧ કારતક સુદ ૫ મંગળવાર તા. ૨૮-૧૦-૨૦૧૪**

તુલા પૂજન, કાંટા પૂજન, ચોપડા પૂજન

**ગુળિક સમય** : બપોરે ૧૨.૦૦૦ થી ૧૩.૩૦ **વિજય મુહૂર્ત :** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૩૫

**ચોઘડિયા** : સવારે ૯.૩૧ થી ૧૩.૪૯ ચલ-લાભ-અમૃત, બપોરે ૧૫.૧૫ થી ૧૬.૪૧ , શુભ

**ગોરજ સમય** : સાંજે ૬.૦૦ કલાકે, રાત્રે : ૧૯.૪૧ થી ૨૧.૧૫ લાભ

## નવરાત્રિ પર્વ
## નારી એ શક્તિનું પ્રતિક છે, સ્તોત્ર છે

શ્રી કૃષ્ણના પુત્ર અનિરુધ્ધને દાનવરાજ બાણાસુરની પુત્રી ઉષા (ઓખા) પ્રેમ કરતી હતી. ઉષાની સંમતિથી તેનું હરણ કરી અનિરુધ્ધ તેને દ્વારિકા લાવ્યો. (ઓખા હરણ) તેની સાથે વિવાહ કર્યા. ઉષા એ સુંદર નૃત્ય કલાકાર હતી. તે ગરબા નૃત્યમાં નિપુણ હતી. ઉષાએ દ્વારિકાની નારીઓને ગરબો શીખવાડયો ને બાદમાં વર્ષો જતાં ગુજરાતમાં બધે ઠેકાણે ગરબો પહોંચી ગયો. ત્યારથી ગરબો એ ગુજરાતનો વારસો બની ગયો.

નવરાત્રી એ સૂર, તાલ અને લય તથા ધન ધાન્યનો ઉત્સવ છે. માતૃશક્તિ આરાધનાનો ધાર્મિક ઉત્સવ છે. આમાં નવનું વિશેષ મહત્વ છે. નવ શબ્દનો ઉપયોગ સર્વવ્યાપક છે. નવરાત્રિ નવદુર્ગા, નવનિર્માણ, નવચેતન, નવસર્જન, નવવધૂ, નવગ્રહ, નવરત્નો જેવા કે હીરો, માણેક, મોતી, પાનું, પોખરાજ, લસણિયો, ગામેદ, પરવાળું અને નીલમ. કુબેરના નવ ભંડાર, જીવનના નવ રસ જેવા કે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભૂત, શાંતિ, નવધાભક્તિ- શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદના, સખ્ય દાસ્ય, આત્મ નિવેદન.

નવરાત્રીમાં દેવી દુર્ગાનું સ્થાપન યંત્રથી પાડેલ છિદ્રોવાળા માટીના ઘડામાં દીપ મૂકી કરવામાં આવે છે. આ ગરબો પધરાવાય છે. ઉપર કોડિયુ મૂકી તેમાં માટીની સાથે અનાજના દાણા વાવવામાં આવે તેને ‘જવારા’ કહે છે. આ ઘઉંના જવારા એ શરીરની પોષણ શક્તિનું પ્રતિક છે. કોરા ઘડાને કોટાવીને નવ છિદ્રો પાડી તેમાં ગર્ભદીપ મૂકવામાં આવે છે. ગરબો એ આપણા શરીરનું પ્રતિક છે. તેમાં મૂકેલ દીપ આત્માનું પ્રતિક છે. આપણા શરીરને પણ નવ છિદ્રો છે. જેમ ગરબાનો દિપ અજવાળું ફેલાવે છે. તેનો પ્રકાશ બ્રહ્મમાં વ્યાપે છે તેમ આપણે આપણા આત્માને ઉજાગર કરી પરમાત્મા સાથે ઐક્ય સાધવાનું છે.

## લોક હૃદયે બિરાજતા સુપ્રસિદ્ધ ગરબા

- સંકલન

### મહિસાગરને આરે ઢોલ વાગે છે

હે મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે
વાગે છે ઢોલ વાગે છે
ગામગામના સુથારી આવે છે
આવે છે શું શું લાવે છે ?
માની માંડવડી ઘડી લાવે છે... હે માડી..
ગામગામના માળીડા આવે છે,
આવે છે શું શું લાવે છે ?
માને કાજે ફૂલડાં લાવે છે.. હે માડી...
ગામ ગામના સોનીડા આવે છે
આવે છે શું શું લાવે છે ?
માને કાજે નથણી લાવે છે.. હે માડી...

### હે..... મેળે મેળે મોરલડી હેલે ચઢી

હે..... મેળે મેળે મોરલડી હેલે ચઢી (૨)
હે.... જી હેલે ચઢી ને રંગ રેલે ચઢી (૨)
હે.... રંગ મોરલડી વાટ્યુંમાં વહેતી રહે (૨)
રસઘેલાને કાનમાં કહેતી રહે (૨)
આજ મેળે મળેલ કાલ મળશે નહિ (૨)
હે વહી જાતાં આ વહેણ પાછા વળશે નહિ (૨)
એને ઘડનારે સૂરમાં ઝબોળી ઘડી....હે...મેળે...
હે.... કોઈ ભૂલે તો ભૂલવા દ્યો રોકો નહિ (૨)
ચઢે ચકડોળે ચિતડા તો રોકો નહિ (૨)
એ તો જોગી વિજોગીને ભેળા કરે (૨)
ફૂંક મારીને અંતર ઘેલા કરે (૨)
એની કાયા તો કામણને કેડે મઢી...હે...મેળે
હે.... કહી ઘૂંઘટની આડમાં મલકી પડે (૨)
પાંપણોની તિરાડથી છલકી પડે (૨)
મુઈ બાહુના બંધમાં સમાતી નથી (૨)
આજ અધરોથી અળગી એ થાતી નથી (૨)
એ તો વરણાગી હૈયાની હૂંફે જડી...હે.મેળે...

## કે.એમ.જી જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની ૧૮મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી બાલાસિનોર સેવા સમાજની ૫૦મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭-૮-૧૪ને બુધવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) સભાગૃહમાં મુંબઈ ખાતે મળેલ. આ સભામાં સૌનું અભિવાદન કરતાં પ્રમુખશ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહએ વાર્ષિક સામાન્ય સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટીની વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબ ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ કહયું હતું. તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ના વાર્ષિક અહેવાલને બહાલી આપવા માટેનો ઠરાવ તેમજ હોસ્પિટલ તથા ટ્રસ્ટના અન્વેષિત હિસાબી નિવેદનો મંજુર કરવા બાબતનો ઠરાવ તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ માટે માનદ અન્વેષકની નિમણૂંક અંગેના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા હતા.

બાલાસિનોર સેવા સમાજનું કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વિલીનીકરણ કરવા બાબતનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તદ્ ઉપરાંત હોસ્પિટલમાં આધુનિક સુપર સ્પેશીયાલીટી સેન્ટર બાંધવાનું સર્વાનુંમતે નક્કી કરવામાં આવ્યું હતું અને તે અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ મળેલી કાર્યવાહી સમિતિની સભા શ્રી પ્રવિણચંદ્ર ઓ. દેસાઈ (દેડકી)ના પ્રમુખસ્થાને મળી હતી. જેમાં શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ પ્રમુખ તરીકેની ૧૬ વર્ષની સેવાઓ બાદ છુટા થવા અંગે રાજીનામું આપ્યું હતું જે સખેદ સ્વીકારવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ઉપ-પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ, કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ તથા અગ્રણી ટ્રસ્ટી મુરબ્બીશ્રી રસિકલાલ સાંકરલાલ મોદી(દેવ)એ તેઓશ્રીની ટ્રસ્ટમાં પ્રમુખ તરીકેની આપેલ સેવાઓને બીરદાવી હતી. તેઓશ્રીના સ્થાને શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખની ટ્રસ્ટના પ્રમુખ તરીકે સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

તેમજ વર્ષ ૨૦૧૪-૨૦૧૯ દરમ્યાન નીચે પ્રમાણેના હોદેદારોની નિમણૂંક કરવામાં આવી હતી.

શ્રી વસંત શાંતિલાલ પરીખ (પ્રમુખ)
શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ (ઉપપ્રમુખશ્રી)
શ્રી રાજેન્દ્રભાઈ કીરતનલાલ દેસાઈ (મંત્રીશ્રી)
શ્રી નિતિનભાઈ જયંતિલાલ પરીખ (મંત્રીશ્રી)
શ્રી પરેશભાઈ રસિકલાલ પરીખ (ખજાનચીશ્રી)
શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (સ્થાનિક મંત્રીશ્રી)
શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા) (મેને. ટ્રસ્ટીશ્રી)

આ વર્ષે શ્રીજી શરણ પામેલા ટ્રસ્ટના દાતા ટ્રસ્ટી શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળાની જગ્યાએ શ્રી નિતીન પ્રવિણચંદ્ર કચેરીઆની નિમણૂંક કરવામાં આવી છે.

આ સભામાં ટ્રસ્ટના અગ્રણી ટ્રસ્ટી મુરબ્બીશ્રી રસિકલાલ સાંકરલાલ મોદી (દેવ) એ નીચે પ્રમાણે જાહેરાત કરી હતી કે સ્વ. કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા)ના પરિવાર તરફથી રૂપિયા એક કરોડનું માતબર દાન નવા સંકુલ માટે આપવામાં આવશે. આ જાહેર કરેલા માતબર દાનને હાજર સર્વેએ તાળીઓના ગળગળાટ વચ્ચે વધાવી લીધેલ.

નવી હોસ્પિટલનો કુલ ખર્ચ લગભગ ૬ (છ) કરોડ જેટલા થશે પરંતુ હાલમાં ગ્રાઉન્ડ ફલોર તથા બે માળ બાંધવાના છે જેનો અંદાજીત ખર્ચ આશરે ૩.૫ (સાડા ત્રણ) થી ૪ (ચાર) કરોડ જેટલો થશે. આ માટે નીચે મુજબની સ્કીમો હાલ પુરતી જાહેર કરવામાં આવી છે.

(૧) એનેક્ષી બિલ્ડીંગ — રૂા. ૧ (એક) કરોડ
(૨) બે માળે બે - બે વિંગ (૨૫ લાખ X ૪) — રૂા. ૧ (એક) કરોડ
(૩) કેસબારી — રૂા. ૧૦ (દસ) લાખ
(૪) આઈ.સી.યુ. — રૂા. ૫૦ (પચાસ) લાખ
(૫) ૧૦ સ્પેશીયલ રૂમ X ૧૦ લાખ — રૂા. ૧ કરોડ

આશા છે કે, મુંબઈ, અમેરીકા સ્થાનિક તથા ભારતના બીજા શહેરોમાં વસતા બાલાસિનોર વાસીઓ આ કાર્યમાં ફાળો આપી માનવસેવાના આ યજ્ઞમાં સહભાગી થશે.

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ડાયાબીટીસ નિદાન કેમ્પ:**

તા. ૨૭-૭-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૫૪ દર્દીઓ નોંધાયેલ. તે પૈકી ૧૩૫ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ મળી કુલ રૂા. ૩૦૬૦૫/-ની માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ખ્યાતનામ ફિજીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી તથા તેઓના ડૉકટરોની ટીમ સેવાઓ આપેલ. આગામી ડાયાબીટીસ કેમ્પ તા. ૧૨-૧૦-૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ છે.

**(૨) શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ:**

તા. ૧૨-૮-૨૦૧૪ તથા તા. ૧૩-૮-૨૦૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૬૯૧ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા તમામ દર્દીઓને રૂા. ૬૮,૧૭૭/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**ટ્રસ્ટમાં વધુ નોધાયેલ દાન:**

(૧) શ્રી સુરેન્દ્રભાઈ શાંતિલાલ શાહ (વડોદરાવાળા) રૂા. ૧૧,૦૦૦/-

(૨) શ્રી શંકરભાઈ કિશોરભાઈ પટેલ હ. મણીબેન શંકરભાઈ પટેલ અને સવિતાબેન શંકરભાઈ પટેલ બાલાસિનોર રૂા. ૧,૦૦,૦૦૦/-

(૩) શ્રી ફારૂકભાઈ હ. મહંમદભાઈ (બલેડીયા) કલાસીક ટ્રાવેલ્સ રૂા. ૧૦,૧૭૮/-

કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ. Super Speciality Centre ના નામકરણ માટે કમળાબેન શાંતીલાલ પરીખ (કુવાવાળા)ના પરિવાર તરફથી રૂા. ૧ કરોડ (રૂા. એક કરોડ)નું માતબર દાન વચન મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

**માનદ્ મંત્રીશ્રીઓ: શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

# બાલાસિનોર વિદ્યા મંડળ

## સામાન્ય સભાની નોટીસ

ઉપરોક્ત મંડળની સુડતાલીસમી (૪૭મી) વાર્ષિક સામાન્ય સભા નીચે જણાવેલ કામકાજ માટે નીચે જણાવેલ સ્થળે અને સમયે રાખવામાં આવી છે, તો આપશ્રીને હાજર રહેવા વિનંતી છે.

**સામાન્ય સભાની તારીખ** : મંગળવાર તા. ૩૦-૯-૨૦૧૪

**સામાન્ય સભાનો સમય** : સાંજના ૪.૩૦ કલાકે

**સભાનું સ્થળ** : સી.એન્ડ એસ.એચ.દેસાઈ આર્ટ્સ કોલેજ અને એલ.કે.એલ દોશી કોમર્સ કોલેજ, બાલાસિનોર

**લિ. મંત્રીઓ**

**નોંધ:** કોરમના અભાવે સામાન્ય સભા મુલતવી રહેશે તો બંધારણ મુજબ તે જ દિવસે તે જ સ્થળે અડધા કલાક બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે અને તે વિધિસરનું ગણાશે.

# શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર
## દ્વિતીય શતાબ્દી મહોત્સવ

ઉપરોક્ત મંદિરના બસો વર્ષની ઉજવણી રૂપે દિવાળી પર્વ પર નીચે મુજબનાં કાર્યક્રમો બાલાસિનોર મુકામે રાખવામાં આવ્યા છે.
આસો વદ ૧૨ને સોમવાર તા. ૨૦-૧૦-૧૪ને વાઘ બારસનાં દિવસે સાંજે ૪ કલાકે મદન મોહનજી મંદિરમાં **સમાજ** બેસશે.
આસો વદ ૧૩ને મંગળવાર તા. ૨૧-૧૦-૧૪ને ધન તેરશના દિવસે **છપ્પન ભોગ** બપોરનાં ૩ થી ૬.
આસો વદ ૧૪ને બુધવાર તા. ૨૨-૧૦-૧૪ને કાળી ચૌદસના દિવસે હોલી ચકલા (બજારમાં) ખાતે **ભક્તિ સંધ્યા** રાત્રે ૯ કલાકે.

**આસો વદ અમાસને ગુરૂવાર તા. ૨૩-૧૦-૧૪ને દિવાળીના દિવસે:**

| | | |
|---|---|---|
| **મહા પ્રસાદ** | : | **દશાનીમા વણિકની વાડીમાં, સૌ કંઠીધારી વૈષ્ણવોને સવારે : ૧૧.૩૦ થી ૨.૦૦** |
| **ચુંદડી મનોરથ** | : | **બપોરના ૨.૦૦ થી ૫.૦૦** |
| **નાવનો મનોરથ** | : | **સાંજે ૬.૦૦ થી ૭.૦૦** |

**કારતક સુદ એકમને શુક્રવાર તા. ૨૪-૧૦-૧૪ને બેસતું વરસ અન્નકુટ બપોરના ૩.૦૦ થી ૬.૦૦**

**નોંધ : અનૂકુળતા મુજબ સમયમાં ફેરફાર કરવામાં આવશે.**

(૧) આ દ્વિતીય શતાબ્દી મહોત્સવનાં મુખ્ય મનોરથી શ્રી જવાહર બી. પારેખ (વડોદરા) નો પરિવાર છે જેમણે રૂા. ૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પુરા. મુખ્ય મનોરથી તરીકે આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે.
(૨ આ સિવાય, દ્વિતીય શતાબ્દી પર્વ નિમિત્તે નીચેના વૈષ્ણવો તરફથી આર્થિક સહાય મળી છે.

| | |
|---|---|
| રૂા. ૧,૫૧,૦૦૦/- | સ્વ. કમળાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) હસ્તેઃ સુધીર ધારીઆ (રંગુનવાલા) |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | કલાબેન મણીકાંત ગાંધી (કલકત્તાવાલા) |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | સ્વ રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) હસ્તેઃ શશીકાંત, રશ્મિ તથા રાજેશ |

(૩) બસો વર્ષની ઉજવણી પ્રસંગે આપ રૂા. ૧૧,૦૦૦/- કે ૫,૦૦૦/-ના 'વૈષ્ણવ મનોરથી' તરીકે સહયોગ આપી શકો છો. ઉપરણો અને પ્રસાદ આપવામાં આવેશે.
(૪) ચુંદડી મનોરથમાં આપ રૂા. ૧,૫૦૦/- ચુંદડી દીઠ આપી શકો છો. પ્રસાદી તરીકે એક ચુંદડી અને પ્રસાદ આપવામાં આવશે.
(૫) નાવના મનોરથમાં આપ રૂા. ૧,૦૦૦/- આપી શકો છો. પ્રસાદ આપવામાં આવશે.
(૬) છપ્પન ભોગ અને અન્નકુટની ભેટો અલગ અલગથી રૂા. ૧૦૦/-, ૨૦૦/-, ૩૦૦/-, ૫૦૦/- કે વધુ સ્વીકારવામાં આવશે. પાવતીની સામે પ્રસાદ પછી આપવામાં આવશે. રૂા. ૧૦૦ થી ઓછી રકમની ભેટો ગોલખમાં નાંખવામાં આવશે.
(૭) સૌ મનોરથીને છપ્પન ભોગના દર્શનના 'વિશેષ પાસ' આપવામાં આવશે.
(૮) પ્રસંગને અનુરૂપ મુખ્ય મનોરથી અને તેમના કુટુંબીજનોનું, અન્ય આર્થિક સહાયકો, વૈષ્ણવી મનોરથીઓ, ભૂતપૂર્વ હયાત ટ્રસ્ટી અને અન્યનું બહુમાન કરવામાં આવશે.
(૯) વૈષ્ણવી મનોરથી, ચુંદડી મનોરથ અને નાવનાં મનોરથ અને અન્ય સેવા માટે આપ કોઈપણ ટ્રસ્ટીઓનો સંપર્ક સાધી શકો છો.

## ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| **શ્રી રજનીકાંત કા. કડકીઆ (લટકારી) ચેરમેન** | - | **૦૯૮૨૧૦૨૯૩૪૬** |
| **શ્રી દક્ષેસ બા. કડકીઆ (લટકારી) મંત્રી** | - | **૦૯૮૩૩૧૭૬૧૫૮** |
| **શ્રી વસંત શા. પરીખ (કુવાવાલા) ખજાનચી** | - | **૦૯૩૨૪૬૨૩૩૬૧** |
| **શ્રી દિલીપ મુ. ધારીઆ (લાલખા)** | - | **૦૯૮૧૯૨૬૫૦૧૫** |
| **શ્રી બીપીનભાઈ ઓ.મોદી (ઠાસરાવાલા)** | - | **૦૯૮૨૫૩૪૧૦૧૪** |
| **શ્રી પ્રવિણચન્દ્ર કો. શાહ** | - | **૦૯૮૨૧૫૭૫૨૩૮** |
| **શ્રી પ્રવિણચંદ્ર ઓ. દેસાઈ (દેડકી)** | - | **૦૯૮૨૦૪૦૪૦૮૪** |
| **શ્રી અશ્વિન કા. ધારીઆ (બલબલ)** | - | **૯૮૧૯૯૦૩૪૫૭** |
| **શ્રી મયંક (ટીનુ) ર. કડકીઆ (ચોક્સી)** | - | **૦૯૮૨૫૫૨૬૬૯૦** |
| **ડૉ. રાકેશ ન. શાહ** | - | **૦૯૮૨૪૩૩૨૨૨૫** |

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS

# M.H.DHARIA BPL T20 2014-15

**This is to inform everyone that the Team APEX WONDER BOYS will be jointly owned by SHRI PARIMAL SHAH & SHRI TEJAS SHAH.**

**The matches will be played at CENTRAL RAILWAY CRICKET GROUND, LOWER PAREL on the following tentative dates mentioned below:**

**League matches : 22nd NOVEMBER 2014, 23RD NOVEMBER 2014, 29TH NOVEMBER 2014, 30TH NOVEMBER 2014, 06TH DECEMBER 2014, 07TH DECEMBER 2014,**

**Finals: 13TH / 14TH DECEMBER 2014 AT THE SAME VENUE. Either of the dates as per the availability of the ground.**

**Thanking You,**

**Bhavesh Modi**
**(Secretary)**

**Chirag Parikh**
**(Convenor)**

## સાખી દુહા

હે પીત કી સબ બાલા રૂપ રસાલા
અને કરી બેહાલા બનવાલા
લાગી તન જવાલા વિપત વિસાલા
દીનદયાલા નંદલાલા
આયે નહી આલા કૃષ્ણ કૃપાલા
બંસીવાલા બનવાસી કહે રાધે પ્યારી
મે બલહારી ગોકુલ આવો ગિરધારી

હે અષાઢ ઉચ્ચારમ્ મેઘ મલ્હારમ્
બલી બહારમ્ જલધારમ્
ડાડુટ ડંકારમ્ મયુર પુકારમ્
ખલીયા તારમ વિસ્તારમ્
ના લહી સમારમ્ પ્યાસ અપારમ્
નંદ કુમારમ્ નીરખ્યારી
કહે રાધે પ્યારી...

**- સંકલન**

# સંસ્થા સમાચાર

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૩જી બેઠક તા. ૨૩-૮-૧૪ના રોજ શનિવારે સાંજે ૬.૪૫ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆના નેજા હેઠળ શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગ્રહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠે ગત મિટિંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહએ જાહેરાત કરી હતી કે આગામી પ્રોગ્રામ દાંડીયારાસ તા. ૫-૧૦-૧૪ એમ.કે.હાઈસ્કૂલ ખાતે રમાશે તથા નાટક તા. ૭-૧૨-૧૪ના રોજ પ્રબોધનકર ઠાકરે ખાતે ભજવાશે.

શ્રી મનોજભાઈ, અમરીશભાઈ કન્સેશનલ રેટ નોટબુક યોજનાના સંયોજક શ્રી અજય દોશીએ તેમનો વાર્ષિક અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. વધુમા તેમણે શ્રી નૈનેશભાઈ શાંતીલાલ પરીખ (રાઠોડીયા)નો આભાર માન્યો હતો. જેમણે સંપૂર્ણ રાહતની સામગ્રી તથા નોટબુક વિનામુલ્યે આપી હતી.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી સંજય શાહએ જાહેરાત કરી હતી. મુંબઈ ખાતે તા. ૧૬-૧૧-૨૦૧૪ તથા ઉપનગર ખાતે તા. ૧૪-૧૨-૨૦૧૪ના રોજ રમાશે.

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ટેલીફોન ડીરેકટરી પ્રકાશનના સંયોજક શ્રી જાસ્મીન શેઠ આવેલા ટેન્ડરોની જાણ કરી હતી અને ડીરેકટરી છાપવાનો કોન્ટ્રાક્ટ મેસર્સ કૃષ્ણ ટ્રેડીંગ કોર્પોરેશનને સર્વાનુમતે આપવાનું નક્કી કરાયું હતું.

ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી દીપક શાહએ જણાવ્યું હતું કે ફોર્મ સ્વીકારવાની આખર તારીખ ૧૫-૯-૨૦૧૪ રાખવામાં આવી છે.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ રજુઆત કરી હતી કે આપણા તંત્રીશ્રી નીખીલ પરીખે જે ૨૫ વર્ષની સેવા આપી તે બદલ આપણે તેમનું સન્માન આપણા આગામી રસોત્સવ તા. ૨-૧૧-૨૦૧૪ના રોજ કરવાનું સુચન આપ્યું હતું. સહુ કારોબારીએ આ સુચન વધાવી લીધુ હતુ.

કુલ ૧ આજીવન સભ્યોની અરજી આવી હતી તથા ૮ લીવની અરજી આપી હતી તે પસાર કરવામાં આવી હતી. પ્રમુખશ્રી એ સાભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

## દિવાળી બક્ષિસ

પ્રતિ વર્ષ દિવાળી નિમિત્તે એક અનામી દાતા તરફથી આર્થિક અથવા અન્ન સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦ આપવામાં આવે છે. આ વર્ષે પણ આ બક્ષિશ તા. ૧-૧૦-૨૦૧૪ થી તા. ૧૫-૧૦-૨૦૧૪ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે. મુંબઈની બહાર રહેતા કુટુંબીઓને મનીઓર્ડરથી અને બાલાસિનોર રહેતા કુટુંબીઓને શ્રી મણીકાંત છોટાલાલ કડીઆ મારફતે આપવામાં આવશે.

**- રજનીકાંત કાન્તીલાલ કડકીયા (લટકારી)**

## શ્રી બાલાસિનોર સેવા સમાજ ટ્રસ્ટ :

શ્રી બાલાસિનોર સેવા સમાજની ૫૦મી વાર્ષિક સામાન્ય સભા આજ દિવસે અને તેજ સ્થળે મળી હતી. જેમાં ગત સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન વર્ષ ૨૦૧૩-૧૪ના વાર્ષિક અહેવાલને બહાલી, વર્ષ ૨૦૧૩-૧૪ના આવક જાવકના સરવૈયા સહિતના હિસાબો મંજુર કરવામાં આવ્યા હતા.

આ વર્ષે વર્ષ ૨૦૧૪-૨૦૧૯ માટે પ્રમુખશ્રી, ૯(નવ) દાતા ટ્રસ્ટીઓ તથા ૧૮ (અઢાર) કાર્યવાહક સમિતિના ટ્રસ્ટીઓ તથા સહાયક સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી. આ નામો નીચે મુજબ છે.

શ્રી વસંત શાંતિલાલ પરીખ (પ્રમુખ)

શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ (ઉપપ્રમુખશ્રી)

શ્રી રાજેન્દ્રભાઈ કીરતનલાલ દેસાઈ (મંત્રીશ્રી)

શ્રી નિતિનભાઈ જયંતિલાલ પરીખ (મંત્રીશ્રી)

શ્રી પરેશભાઈ રસિકલાલ પરીખ (ખજાનચીશ્રી)

શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (સ્થાનિક મંત્રીશ્રી)

શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા) (મેનેજીંગ ટ્રસ્ટીશ્રી)

**દાતા ટ્રસ્ટીઓ:** શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી), શ્રી પ્રશાંત રશ્મિકાંત દેસાઈ, શ્રી નટવરલાલ ભીખાલાલ શાહ, શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ (ચ્હા વાળા), શ્રી સુરેન્દ્ર રમણલાલ મોદી, શ્રી ડૉ. કીરીટ કાંતીલાલ મોદી, શ્રી રજનીકાન્ત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા), શ્રી મહેશ ચીમનલાલ કડકીઆ (બનડા).

**સભ્યો:** શ્રી વિપીનચંદ્ર ઓચ્છવલાલ મોદી, શ્રી નિતીન નટવરલાલ દેસાઈ, શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ, શ્રી શરદ નટવરલાલ દેસાઈ, શ્રી નિતીન રજનીકાંત શાહ, શ્રી રૂપીન પુનમચંદ કડકીઆ, શ્રી અનિશ સુરેન્દ્ર મોદી, શ્રી જતીન નવનીતલાલ દેસાઈ, શ્રી નિરંજન ઓચ્છવલાલ પરીખ, શ્રી રાવજીભાઈ બેચરભાઈ પટેલ, શ્રી ગજેન્દ્ર કીરીટભાઈ કડકીઆ, શ્રી ઉર્વિશ રસીકલાલ મોદી, શ્રી સતિષ ભીખાલાલ પરીખ, શ્રી અરવિંદ ચીમનલાલ પરીખ (સહાયક સભ્યશ્રી), શ્રી નિખિલ રમણીકલાલ ધારીઆ (સહાયક સભ્યશ્રી)

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

1) **Shah Smit Ashok**
640 Epic way, Apt.235, San Jose
Cail Fomia, CA.95134
Mobile : 0016077595338

### તેજસ્વી તારલાં

**- ADITYA MITESH DHARIA,** SCORED 70%, First Year MBBS
GOVT. MEDICAL COLLAGE MIRAJ (Sangli)

**- Jil Bhavin Kadakia** has secured 866 rank in MHCET medical Collage


**– પ્રજિત જયેશ ગાંધી** મે'૨૦૧૪ની C.A.Final. Exams માં ઉર્તિણ થયા છે.

**- Rahil P. Dharia.** B.S.Michigan state university General Surgery MBBS થયેલ છે.

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| સતીશકુમાર નટવરલાલ મોદી | ૬૩ |
| પુષ્પાબેન કનૈયાલાલ ધારીયા (વકીલ) | ૭૩ |
| નીરૂબેન ચેતન દેસાઈ | ૫૮ |
| ચંદનબેન જયંતીલાલ પરીખ (ગુથરીવાલા) | ૯૭ |
| જસુમતી રસીકલાલ મહેતા | ૭૯ |
| કલાબેન મણીકાન્ત ગાંધી (અમદાવાદ) | ૮૩ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**



**રજનીકાંત ચીમનલાલ દેસાઈ**
**(ગાંડા દેસાઈ)**
**અવસાન : તા. ૨૬-૭-૧૪**
**ઉંમર - ૭૪**
**ચક્ષુદાન** કરેલ છે.

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**